"સુજલામ સુફલામ જળ અભિયાન-૩"
અંતર્ગત કામો હાથ ધરવા બાબત

ગુજરાત સરકાર

નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ

સચિવાલય, ગાંધીનગર

ઠરાવ ક્રમાંક :- પરચ/ સુસુજઅ/ ૨૦૧૯/ ૧૫/ પા.૨/ ક-૩

તા. ૨૦/૦૪/૨૦૨૦

વંચાણે લીધા :-

(૧) જળ સંપત્તિ વિભાગનો હુકમ ક્રમાંક : પરચ/ સુસુજઅ/ ૨૦૧૯/ ૧૫/ ક-૩ તા.૧૬/૦૧/૨૦૨૦

(૨) જળ સંપત્તિ વિભાગનો ઠરાવ ક્રમાંક : પરચ/ ૨૦૧૯/ ૨૧૪૪/ એમ.આઇ.સેલ, તા.૧૭/૦૨/૨૦૨૦

(૩) ઉદ્યોગ અને ખાણ વિભાગનો ઠરાવ ક્રમાંક : જીએમઆર-૧૦૨૦૧૮-૭૪૯-છ, તા.૨૯/૦૨/૨૦૨૦

(૪) જળ સંપત્તિ વિભાગનો ઠરાવ ક્રમાંક : સીડીએમ/ ૨૦૧૩/ મુમક-૩/ (૨૪)/ ક-૨, તા.૨૯/૦૪/૨૦૧૩

(૫) કેન્દ્રીય ગૃહ મંત્રાલયનો હુકમ ક્રમાંક : 40-3/2020-Dm-I(A), તા. ૧૫/૦૪/૨૦૨૦

આમુખ :-

રાજ્યમાં સુજલામ સુફલામ જળ અભિયાન-૩ની કામગીરી માટે વંચાણે લીધેલ ક્રમાંક (૧) ના હુકમથી થી તમામ જીલ્લાઓ માટે જળ સંપત્તિ વિભાગના નોડલ અધિકારીશ્રીઓની નિમણૂંક કરવામાં આવેલ છે. તથા વંચાણે લીધેલ ક્રમાંક (૨) ના ઠરાવ થી સુજલામ સુફલામ જળ અભિયાન-૨૦૨૦ અંતર્ગત કામો કરવા બાબતે માર્ગદર્શક સુચનાઓ બહાર પાડવામાં આવેલ છે.

સુજલામ સુફલામ જળ અભિયાનની કામગીરી માટે જીલ્લાવાર માસ્ટર પ્લાન બનાવી આખરી કરી ઓનલાઇન એન્ટ્રી કરવામાં આવેલ છે. જીલ્લાવાર માસ્ટર પ્લાનની સંકલિત વિગતો મુજબ રાજ્યમાં અભિયાન અંતર્ગત કરવાના થતા કામો માટે તા.૧૭/૦૪/૨૦૨૦ સુધીમાં કુલ ૪૧૩૯૩.૧૭ લાખના કુલ ૧૪૬૯૪ કામોની ઓનલાઇન એન્ટ્રી થયેલ છે. આ કામો માટે વહીવટી મંજૂરી મેળવવાની પ્રક્રિયા પ્રગતિમાં છે. તે દરમ્યાન માન. મુખ્યમંત્રીશ્રી દ્વારા આપવામાં આવેલ સુચના અનુસાર સુજલામ સુફલામ જળ અભિયાનની કામગીરી સુચવાયેલ માસ્ટર પ્લાન મુજબ તા. ૨૦/૦૪/૨૦૨૦ થી શરૂ કરી તા. ૧૦/૦૬/૨૦૨૦ સુધીમાં પૂર્ણ કરવાની થાય છે. આ સંદર્ભે નીચે મુજબનો ઠરાવ કરવામાં આવે છે.

ઠરાવ :-

(૧) સુજલામ સુફલામ જળ અભિયાન-૩ ની કામગીરી તા. ૨૦/૦૪/૨૦૨૦ થી શરૂ કરી તા. ૧૦/૦૬/૨૦૨૦ સુધી હાથ ધરવાની રહેશે. જે દરમ્યાન અભિયાન હેઠળ હાથ ધરવાના થતા કામો શરૂ કરી તા.૧૦/૦૬/૨૦૨૦ સુધીમાં કામોના માપો લેવાની કામગીરી પૂર્ણ કરવાની રહેશે.

(૨) દરેક જીલ્લામાં રજૂ કરવામાં આવેલ માસ્ટર પ્લાન મુજબ વંચાણે લીધેલ ક્રમાંક (૨) ના ઠરાવથી બહાર પાડવામાં આવેલ માર્ગદર્શક સુચનાઓ ધ્યાને લઇ જીલ્લા કલેક્ટરશ્રીના માર્ગદર્શન હેઠળ કામો હાથ ધરવાના રહેશે.

(૩) અભિયાન અંતર્ગત જળ સંચયના હેતુસર તળાવો/જળાશયો ઉંડા કરવાથી નીકળતી સાદી માટી/મોરમ/કાંપ ના ઉપયોગ માટે ક્વોરી પરમીટ અને રોયલ્ટી તથા પ્રીમીયમ ભરપાઇ કરવામાંથી વંચાણે લીધેલ ક્રમાંક (૩) ના ઠરાવથી મુક્તિ આપવામાં આવેલ છે. ખોદાણમાંથી મળતી માટીનો વપરાશ આસપાસમાં પ્રગતિ હેઠળના સરકારી કામો, ખેડૂતોના ખેતરમાં તથા જાહેર કામોમાં કરવાનો રહેશે. આ સંદર્ભે સદર ઠરાવની સુચનાઓનો અમલ કરવાનો રહેશે.

(૪) જે તળાવો/ચેકડેમ/બંધારા/જળાશયોમાં પાણી સુકાયેલ છે ત્યાં લગત અધિકારીશ્રીના પરામર્શમાં પાળાની સલામતીના મુદ્દાને ધ્યાનમાં રાખી મંજૂરી આપવાની રહેશે અને ખેડૂતો પોતાના ખેતર માટે વિના મૂલ્યે કાંપ લઇ શક્શે. આ સંદર્ભે વંચાણે લીધેલ ક્રમાંક (૪) ના ઠરાવ મુજબની સુચનાઓનો અમલ કરવાનો રહેશે.

(૫) અભિયાન હેઠળ સમાવિષ્ટ સરકારશ્રીના ચાલી રહેલ જાહેર હિતના કામો (હાઇવે/રોડ) માટે જે તે ઇજારદારશ્રી દ્વારા જરૂરી માટી તળાવો/જળાશયો/ચેકડેમ/બંધારા માંથી ૧૦૦% સ્વખર્ચે લઇ શકાશે. તેના માટે વંચાણે લીધેલ ક્રમાંક (૩) ના ઠરાવ મુજબ ક્વોરી પરમીટ અને રોયલ્ટી તથા પ્રીમીયમ ભરપાઇ કરવામાંથી મુક્તિ મળવાપાત્ર થશે. આ કામો ચાલુ કરવા બાબતે જળસંપત્તિ વિભાગના સંબંધિત કાર્યપાલક ઇજનેરશ્રી, જીલ્લા કલેક્ટરશ્રીના પરામર્શમાં રહી, પરવાનગી આપી શક્શે.

(૬) સરકારશ્રી દ્વારા કોરોના વાઇરસ COVID-19 સંદર્ભે લોકડાઉન તથા SOP બાબતે આપવામાં આવેલ તથા ભવિષ્યમાં આપવામાં આવનાર તમામ માર્ગદર્શિકા તથા સુચનાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૭) અભિયાન હેઠળ હાથ ધરવામાં આવનાર કામગીરીના સ્થળોએ સરકારશ્રી દ્વારા આપવામાં આવેલ માર્ગદર્શિકા અનુસાર ફેસ માસ્ક, સેનિટાઇઝેશન તથા સામાજીક અંતર જાળવવા વગેરે બાબતની સુચનાઓનો ચુસ્તપણે અમલ થાય તે બાબતે ખાસ તકેદારી રાખવાની રહેશે. જે માટે જે તે જીલ્લા માટે રજૂ કરવામાં આવેલ માસ્ટર પ્લાનની રકમના ૧% લેખે થતી રકમની મર્યાદામાં સંબંધિત જીલ્લા કલેક્ટરશ્રીની માંગણી મુજબની રકમ જળ સંપત્તિ વિભાગ દ્વારા ફાળવવાની રહેશે.

(૮) અભિયાન હેઠળ હાથ ધરવામાં આવતા કામો અંગેની દૈનિક માહિતી NIC ની વેબસાઇટ પર રોજેરોજ અપલોડ કરવાની રહેશે.

ખાસ ફરજ પરના અધિકારી (સિં.યો.)
નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ

નકલ સાદર રવાના પ્રતિ,

(૧) માન. મુખ્યમંત્રીશ્રીનાં અંગત મદદનીશશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર

(૨) માન. મંત્રીશ્રીનાં અંગત મદદનીશશ્રી, સચિવાલય, ગાંધીનગર (સર્વે)

(૩) માન. રાજ્યકક્ષાના મંત્રીશ્રીના અંગત મદદનીશશ્રી, સચિવાલય, ગાંધીનગર (સર્વે)

(૪) વહીવટી સંચાલકશ્રી, સરદાર સરોવર નર્મદા નિગમ, સચિવાલય, ગાંધીનગર

(૫) વહીવટી સંચાલકશ્રી, ગુજરાત જળસંપતિ વિકાસ નિગમ લી. સેકટર ૧૦, ગાંધીનગર

(૬) અધિક મુખ્ય સચિવશ્રી, શહેરી વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર

(૭) અધિક મુખ્ય સચિવશ્રી, વન અને પર્યાવરણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર

(૮) અધિક મુખ્ય સચિવશ્રી (નર્મદા), ન.જ.સં.પા.પુ. અને ક. વિભાગ, સચિવાલય, ગાંધીનગર

(૯) કમિશ્નરઅને અગ્ર સચિવશ્રી, ગ્રામ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર

(૧૦) સચિવશ્રી, પાણી પુરવઠા વિભાગ, સચિવાલય, ગાંધીનગર

(૧૧) સચિવશ્રી(જ.સં)ના અંગત મદદનીશશ્રી, ન.જ.સં.પા.પુ અને ક. વિભાગ, સચિવાલય, ગાંધીનગર

(૧૨) ખાસ સચિવશ્રી(જ.સં)ના અંગત મદદનીશશ્રી, ન.જ.સં.પા.પુ અને કલ્પસર વિભાગ, ગાંધીનગર

(૧૩) સચિવશ્રીઓના અંગત મદદનીશશ્રી, સચિવાલય, ગાંધીનગર (સર્વે)

(૧૪) સર્વે મુ.ઇ.અને અ.સ.શ્રીના અંગત મદદનીશશ્રી, ન.જ.સં.પા.પુ અને ક. વિભાગ, ગાંધીનગર

(૧૫) નાણાકીય સલાહકારશ્રી (જ.સં), સચિવાલય, ગાંધીનગર

(૧૬) સર્વે જીલ્લા કલેકટરશ્રીઓ

(૧૭) સર્વે ઉપ સચિવશ્રીઓ (તાંત્રિક), સચિવાલય, ગાંધીનગર

(૧૮) સર્વે અધીક્ષક ઇજનેરશ્રીઓ, ન.જ.સં.પા.પુ અને ક. વિભાગ

(૧૯) સર્વે પ્રોજેક્ટ શાખા (ક-૧,ક-૨,ક-૩,જ, એમ.આઇ.સેલ,ક-૭), સચિવાલય, ગાંધીનગર

(૨૦) સીલેકટ ફાઇલ